## સંક્ષિપ્ત સમાચાર

### કાલોલના મધવાસની નવસર્જન હાઇસ્કૂલના ધો.10-12 ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો



કાલોલ : કાલોલ તાલુકાના મધવાસ મુકામે ગૌષ્ણેશ્વર મહાદેવના સાનિધ્યમાં આવેલ શ્રી નવસર્જન ઉ.બુ. હાઈસ્કુલ, મુ.પો.- મધવાસ, તાલુકો - કાલોલ, જી.- પંચમહાલ ખાતે ધોરણ - ૧૦ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યની મનોકામના માટે શાળામાં શ્રી સત્યનારાયણ દેવની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ધોરણ - ૧૦ ના તમામ વિદ્યાર્થીઓ કથામાં સહભાગી થયા હતા. કથાની પુર્ણાહુતી બાદ શાળાના તમામ વિદ્યાર્થીઓનો અલ્પાહારનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ધોરણ - ૧૦ ના તમામ વિદ્યાર્થીઓને પરીક્ષાની રીસીપ્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે અને જ્વલંત સફળ કારકિર્દી માટે શાળાના આચાર્ય અને શાળા સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને આશીર્વાદ આપવામાં આવ્યા હતા. શાળા મંડળ ના મંત્રી પ્રવીણભાઈ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છા પેટે પેન નું વિતરણ કરવામાં આવ્યું હતું.

### "ડ્ગ્સ સેવન -નશા નાબુદી અભિયાન" માર્ગદર્શન અંગે પાવાગઢ ગ્રામ પંચાયતના પટાંગણમાં કેમ્પ



પાવાગઢ : પંચમહાલ જિલ્લા પોલીસ અને સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા આયોજિત "ડ્ગ્સ સેવન/ નશા નાબુદી અભિયાન" માર્ગદર્શન અંગે પાવાગઢ ગ્રામ પંચાયત ના પટાગણ માં કેમ્પ યોજાયલ હતો સદર કેમ્પ ઉપસ્થિત પાવાગઢ ના સ્થાનિક ગ્રામજનો ને ડગસ સેવન કરતા હાલ નું યૌવનધન ભારે મુશ્કેલી માં મુકાઇ જાય છે અને તેમના પરિવાર ને પણ મુશ્કેલી માં મુકી દેછે આ બાબતે SOG નાં પંચમહાલ માથી પધારે બી.કે. ગોહિલ તેમની આગવી શૈલી આ ડ્ગ્સ સેવન નશા નાબુદી અભિયાન અંતર્ગત 'જીવનસુરક્ષા' બાબતે સુંદર વક્તવ્ય આપી ઉપસ્થિત સર્વે ના દિલ જીતી લીધા હતા.

### કાલોલ એમજીએસ હાઇસ્કૂલ ખાતે ધોરણ 10 અને 12 વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો



કાલોલ : શ્રી કાલોલ કેળવણી પ્રચારક મંડળ દ્વારા સંચાલિત એમજીએસ હાઈસ્કૂલ ખાતે એસ.એસ.સી. સાથે એચએસસી બોર્ડની પરીક્ષા આપનાર ધોરણ-10 અને 12 વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધી એમજીએસ હાઈસ્કૂલના આચાર્ય કે.પી. પટેલ અને હાઈસ્કૂલના સુપરવાઈઝર વી.એમ.ચૌહાણ સહિત શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા માટે પ્રોત્સાહિત કરી ઉજ્જવળ ભવિષ્યના આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ધોરણ-10 અને 12 ના વિદ્યાર્થીઓએ શાળા પ્રત્યેના પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમના અંતે તેજસ્વી વિદ્યાર્થીઓને શાળાના શિક્ષકોએ સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### રોટરી ક્લબ ઓફ હાલોલ દ્વારા ફ્રી મેગા મેડિકલ કેમ્પનું આયોજન



હાલોલ : સતત નિરંતર સેવા કાર્યોમાં પ્રવૃત્ એવી રોટરી ક્લબ હાલોલ દ્વારા આજરોજ રવિવાર તારીખ 22 ફેબ્રુઆરી 2026 ના રોજ કલરવ સ્કૂલ ખાતે મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં લગભગ 82 હૃદય રોગ અંગે કાર્ડિયોલોજિસ્ટ, મગજ તથા કરોડરજ્જુ માટે ન્યૂરો સર્જન અને કીડની, પથરી, પ્રોસ્ટેટ માટે યુરોલોજિસ્ટ અંગેની પોતાની તકલીફોના નિવારણ માટે આ કેમ્પનો લાભ લેવામાં આવ્યો. દર્દીઓ નું વજન, બી.પી., સુગર લેવલ તથા ECG વિગેરે પણ ચેક કરવામાં આવ્યું હતું.આ કેમ્પમાં ટ્રાયકલર તરફે જાણીતા અનુભવી ડોક્ટર્સ તથા સ્ટાફે પોતાની સેવાઓ આપી તેમજ વહીવટીય ક્ષેત્રે ક્લબના પ્રમુખ હાર્દિક જોશીપુરા, મંત્રી વૈભવ પટેલ, પૂર્વ પ્રમુખ પ્રદીપ પરીખ તથા અન્ય સભ્યોએ હાજર રહી સેવા કાર્યમાં સહયોગ આપ્યો. કલરવ શાળા તરફે આચાર્ય ડૉ. કલ્પનાબેન જોશીપુરા દ્વારા શુભેછા પાઠવવા ઉપરાંત જરૂરી સવલતો તેમજ ચા નાસ્તા ની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ઝરીબુઝર્ગ ગામને આદર્શ ગામ તરીકે સ્થાપિત કરવાનો સંકલ્પ

## ઝરીબુઝર્ગ ગામે ભીલ સમાજ પંચની નવા લગ્ન બંધારણ અમલ માટે સભા

**લગ્ન** પ્રસંગોમાં થતો ખોટો અને આડંબર ભર્યો ખર્ચ ઘટાડવામાં આવશે અને મર્યાદિત ખર્ચ સાથે લગ્ન આયોજન કરાશે



(પ્રતિનિધિ) ગરબાડા, તા.23

ગરબાડા તાલુકાના ઝરીબુઝર્ગ ગામ મુકામે ભીલ સમાજ પંચ, ગરબાડા દ્વારા જાહેર કરાયેલ નવા લગ્ન બંધારણના અમલ માટે ગામ પંચની મહત્વપૂર્ણ સભા યોજાઈ હતી. સમાજમાં વધતા આડંબર અને ખોટા ખર્ચા પર અંકુશ લાવવા આ બેઠક બોલાવવામાં આવી હતી. સભામાં દાહોદ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન કમલેશભાઈ માવી, ભીલ સમાજ પંચ/ટ્રસ્ટના પ્રમુખ શૈલેષભાઈ મખોડિયા, તાલુકા સભ્ય નરેશભાઈ માવી, પૂર્વ તાલુકા સભ્ય ગોરધનભાઈ ગણાવા સહિત પટેલ, પુજારા, તડવી તેમજ ભીલ સમાજ પંચ ઝરીબુઝર્ગના તમામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સભામાં સર્વસંમતિથી નક્કી કરવામાં આવ્યું કે ચાલુ વર્ષથી જ લગ્ન પ્રસંગોમાં થતો ખોટો અને આડંબર ભર્યો ખર્ચ ઘટાડવામાં આવશે અને મર્યાદિત ખર્ચ સાથે લગ્ન આયોજન કરાશે. નવા લગ્ન બંધારણનું એક સૂત્રે અમલીકરણ કરી ઝરીબુઝર્ગ ગામને આદર્શ ગામ તરીકે સ્થાપિત કરવાનો સંકલ્પ લેવાયો. તે ઉપરાંત, અન્ય ગામોમાંથી વધુ ખર્ચાવાળી ચિઠ્ઠી (લગ્ન આમંત્રણ) આવશે તો તેનો બહિષ્કાર કરી પરત મોકલવાની કાર્યવાહી કરાશે. જો છતાં પણ નિયમોનું પાલન ન થાય તો દહેજ બંધ પ્રતિબંધક અધિકારીને જાણ કરી કાર્યવાહી કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું. કાર્યક્રમનું સમગ્ર સંચાલન હિંમતભાઈ મુનિયા દ્વારા સુચારૂ રીતે કરવામાં આવ્યું હતું.

ગ્રામસભા વિના અપાયેલા NOC સામે સવાલો

## ગોધરાના પઢીયાર ગામમાં શાળાની બાજુમાં જોખમી ટાવર મુદ્દે જિલ્લા કલેક્ટરને આવેદન

RTE એક્ટના ભયમુક્ત શિક્ષણના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન ,ઉગ્ર આંદોલનની ચિમકી



(પ્રતિનિધિ) ગોધરા, તા.23

ગોધરા તાલુકાના પઢીયાર ગામમાં પ્રાથમિક શાળાની કમ્પાઉન્ડ વોલને બિલકુલ અડીને ઊભા કરાઈ રહેલા મોબાઈલ ટાવરના વિરોધમાં સમસ્ત ગ્રામજનો અને જાગૃત નાગરિકોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરી ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે. ગ્રામજનોએ આક્રોશ સાથે વહીવટી તંત્રને ચીમકી આપી છે કે જો આવતીકાલ સુધીમાં આ જોખમી ટાવરનું કામ તાત્કાલિક ધોરણે રદ કરવામાં નહીં આવે, તો વાલીઓ પોતાના બાળકોના સ્વાસ્થ્યની રક્ષા કાજે તેમને શાળાએ મોકલવાનું બંધ કરી દેશે અને તમામ ગ્રામજનો બાળકો સાથે મળી ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરશે. આવેદનપત્રમાં કરાયેલી રજૂઆત મુજબ, ટેલિકોમ કંપની દ્વારા શાળાની બિલકુલ નજીક અને ગીચ વસ્તી વચ્ચે ટાવર ઊભો કરવો એ ભારત સરકારના ટેલિકોમ વિભાગ (DoT) ના કડક નિયમોનું સરેઆમ ઉલ્લંઘન છે, જે મુજબ શાળા અને રહેણાંક વિસ્તારોને ટાળવા માટે સ્પષ્ટ માર્ગદર્શિકા છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે કોઈપણ પ્રકારની ગ્રામસભા બોલાવ્યા વિના કે સ્થાનિકોને વિશ્વાસમાં લીધા વિના મનસ્વી રીતે પરવાનગી આપી દઈ સત્તાનો ઘોર દુરુપયોગ કરવામાં આવ્યો છે. ટાવરના ઈલેક્ટ્રોમેગ્નેટિક રેડિયેશન (EMR) ને કારણે બાળકોમાં યાદશક્તિમાં ઘટાડો, માનસિક તણાવ અને કેન્સર જેવી જીવલેણ બીમારીઓનો ખતરો તોળાઈ રહ્યો છે જે શિક્ષણના અધિકાર (RTE) હેઠળ મળતા સુરક્ષિત વાતાવરણના હક પર તરાપ સમાન છે.

## દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં 'સ્વચ્છતા-જનજાગૃતિ ગ્રામ શિબિર'



(પ્રતિનિધિ) દાહોદ, તા.23

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના એન.એસ.એસ. એકમ ૧ અને ૨ ની સપ્ત દિવસીય 'સ્વચ્છતા - જનજાગૃતિ ગ્રામ શિબિર' નું આયોજન ભીલ સેન્ટ્રલ સ્કૂલ મુવાલીઆ ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો સમાપન સમારોહમાં સમારોહના અધ્યક્ષ અને ઉદ્ઘાટક તરીકે ડૉ. ફરીદ સય્યદ સર આંણદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી સંલગ્ન એગ્રીકલ્ચર એન્જિનિયરિંગ પોલિટેક્નિક કોલેજ દાહોદના આચાર્ય તેમજ પ્રેરક ઉપસ્થિત એવા ભીલ સેન્ટ્રલ સ્કૂલ મુવાલીઆના આચાર્ય શ્રીમતી વત્સલાબેન બમણિયા, સી. આર. સી. જનક પટેલ સર, નવજીવન સાયન્સ કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ.જી.જે.ખરાદી, કોલેજના સ્ટાફ સભ્યો, શાળાના સ્ટાફ સભ્યો, શાળાના બાળકો અને એન.એસ.એસ.ના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સ્વયંસેવકો દ્વારા તેમજ શાળાના બાળકો દ્વારા સ્વાગત ગીત અને સાંસ્કૃતિક નાટ્ય રજૂ કરવામાં આવ્યું હતું. અને છેલ્લા વર્ષના સ્વયંસેવકોને બે વર્ષ દરમિયાન કરવામાં આવેલી ઉત્તમ કામગરી માટે મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.શ્રેયસ પટેલ અને પ્રોગ્રામ ઓફિસર શ્રી.નીલ પટેલ ના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

## દાહોદ ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીના હસ્તે ખોડવા આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ



(પ્રતિનિધિ) દાહોદ, તા.23

દાહોદ ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીના વરદ હસ્તે દાહોદ તાલુકાના ઘટક-૪ માં આવેલા બોરવાણી સેજાના ખોડવા આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આંગણવાડી કેન્દ્રના લોકાર્પણ સાથે જ બાળકોને શિક્ષણ, આરોગ્ય અને પોષણ સેવાઓ પૂરી પાડવાની શરૂઆત કરવામાં આવી છે. આ કેન્દ્રમાં બાળકોને ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ અને આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવશે.

વિવિધ પોલીસ એકમો અને SRP ગ્રુપ માટે ફાયરિંગ પ્રેક્ટિસ કરવા માટે રિઝર્વ રખાય છે

## પાવાગઢ ફાયરિંગ રેન્જ ખાતે ફાયરિંગ પ્રેક્ટિસ અન્વયે અનધિકૃત વ્યક્તિઓ માટે પ્રવેશ પ્રતિબંધ



(પ્રતિનિધિ) હાલોલ, તા.23

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના પાવાગઢ ફાયરિંગ રેન્જ ખાતે તા. ૦૧ માર્ચ ૨૦૨૬ થી તા. ૩૦ એપ્રિલ ૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ફાયરિંગ પ્રેક્ટિસ યોજાનાર છે.જેમાં પંચમહાલ, દાહોદ, મહિસાગર, છોટાઉદેપુર, વડોદરા ગ્રામ્ય, ભરૂચ અને નર્મદાના પોલીસ અધિક્ષકશ્રીઓ, એસ.આર.પી. જુથ-૧, ૪, ૫, ૯, ૧૦, ૧૮ તથા વડોદરા શહેર પોલીસ અને ટ્રેનિંગ સેન્ટરના જવાનો આ પ્રેક્ટિસમાં ભાગ લેશે જે અન્વયે પંચમહાલ જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે.જે. પટેલ દ્વારા એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ, પાવાગઢ ફાયરિંગ રેન્જ વિવિધ પોલીસ એકમો અને એસ.આર.પી. (SRP) ગ્રુપ માટે ફાયરિંગ પ્રેક્ટિસ કરવા માટે રિઝર્વ રાખવામાં આવ્યું છે. ફાયરિંગ પ્રેક્ટિસના નિર્ધારિત સમયગાળા દરમિયાન કોઈપણ અનધિકૃત વ્યક્તિએ ફાયરિંગ રેન્જની હદમાં પ્રવેશ કરી શકશે નહીં. તદુપરાંત સ્થાનિક રહીશો, પશુપાલકો અને ખેડૂતોએ સુરક્ષાના કારણોસર આ વિસ્તારથી દૂર રહેવા જણાવાયું છે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## નગરપાલિકા ઉદ્યાન દાહોદ ખાતે સ્વદેશી મેળાનો શુભારંભ



દાહોદ : દાહોદ શહેરી વિકાસ વર્ષ 2025 ની ઉજવણી નિમિત્તે શહેરી આજીવિકા મિશન અંતર્ગત સ્વદેશી મેળા - વોંકલ ફોર લોકલ અને હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશીના સિદ્ધાંતને સિદ્ધ કરવા માટે દાહોદ નગરપાલિકા દ્વાર કેશવ માધવ રંગ મંચ પાછળ, નગરપાલિકા ઉદ્યાન દાહોદ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ કરણસિંહ ડામોર તથા ધારાસભ્ય કનૈયાલાલ કિશોરના વરદ હસ્તે સ્વદેશી મેળાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ સ્વદેશી મેળામાં સ્થાનિક ઉત્પાદકોના ૫૦ જેવા સ્ટોલ રાખવામાં આવ્યા છે. જે તમામ સ્ટીલની મહાનુભાવો દ્વારા મુલાકાત લેવામા આવી તથા તમામ સ્ટોલ ધારકોનો સ્વદેશી વસ્તુઓ અને બનાવટ અંગે અભિપ્રાય લીધો હતો. તેમજ નગરપાલિકા દ્વારા સાંજના સમયે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

## લીમખેડાના મોટી બાંડીબાર ગામે ધો.10-12ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



(પ્રતિનિધિ) લીમખેડા, તા.23

લીમખેડાના મોટી બાંડીબાર ગામે ધોરણ ૧૨ તથા ૧૦ ના વિદ્યાર્થીઓને બોર્ડ ની પરીક્ષા ની રીસીપ્ટ સાથે વિદાય સમારંભ દાહોદ જિલ્લાના ભાજપના અધ્યક્ષ સ્નેહલ ધરીયાની આગેવાની હેઠળ યોજવામાં આવ્યો હતો જેમાં પીએમ શ્રી આદીવાસી શાળા તથા બે આશ્રમ શાળાના ધોરણ ૫ થી ૧૨ સુધી ના ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત હતા તથા ધો ૧૦ ના ૧૨૦ તથા ૧૨ ધોરણ ના ૮૦ વિદ્યાર્થીઓ ની સાથે વિદ્યાર્થીઓના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા બોર્ડની પરીક્ષા આપવા માટે વિધ્યાર્થીઓને પરીક્ષા માં ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી આજના કાર્યક્રમમાં શાળાના પ્રમુખ મુન્નાભાઈ લબાના તથા પંચમહાલ ના આગેવાન સમરસિંહભાઈ જીલ્લા પંચાયતના સભ્યો તાલુકા ભાજપ પ્રમુખ સામા ભાઈ કટારા મહામંત્રી પપ્પુભાઈ તથા મોટી સંખ્યામાં શિક્ષકો તથા ગામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદમાં રામાનંદ પાર્ક ખાતે ભવ્ય વિરાટ હિન્દુ સંમેલન યોજાયું



(પ્રતિનિધિ) દાહોદ, તા.23

દાહોદ. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના ૧૦૦ વર્ષ પુર્ણ થતા શ્રી સરદાર પટેલ વસ્તી તથા શ્રી સિમંધર વસ્તીનું વિરાટ હિન્દુ સંમેલન રામાનંદ પાર્ક દાહોદ ખાતે મહામંડલેશ્વર જગદીશદાસજી મહારાજના સાનિધ્યમાં યોજવામાં આવ્યું. વિરાટ હિન્દુ સંમેલન અંતર્ગત પડાવ સ્થિત મનકામનેશ્રવર મહાદેવ મંદિરથી ઉપસ્થિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી. આ શોભાયાત્રામાં રામાનંદ પાર્ક દાહોદના કરાટે કોચીગ કલાસના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કરતબો બતાવવામાં આવ્યા જે આકર્ષણ જમાવ્યું હતુ આ શોભાયાત્રા રામાનંદ પાર્ક દાહોદ ખાતે પહોંચી હતી. રામાનંદ પાર્ક પરિસરમાં ગાયત્રી પરિવાર દ્વારા હવન પુજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં ભક્તો એ લાભ લીધો હતો.

ગુમ વ્યક્તિને પરિવારજનોને સોંપાતા ખુશીનો માહોલ

## રાબડાળની 15 દિવસથી ગુમ વ્યક્તિ 112ની મદદથી ઝાલોદના જેતપુર રોડ પરથી મળી



(પ્રતિનિધિ) ઝાલોદ, તા.23

ઝાલોદ તાલુકાના જેતપુર રોડ પર એક અજાણ્યો અને અસ્થિર માનસિક સ્થિતિ ધરાવતો વ્યક્તિ મળી આવેલ હતો. સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક 112 ઈમરજન્સી સેવાને જાણ કરવામાં આવી હતી. જાણ મળતા જ 112 ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને પરિસ્થિતિને સંવેદનશીલ રીતે સંભાળી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી. પૂછપરછ દરમિયાન વ્યક્તિએ પોતાનું ગામ રાબડાલ (દાહોદ) હોવાનું જણાવેલ. ત્યારબાદ ગામના સરપંચ સાથે સંપર્ક સાધી વ્યક્તિનો ફોટોગ્રાફ મોકલવામાં આવ્યો. ઓળખ પુષ્ટિ થતા તરત જ વ્યક્તિને સુરક્ષિત રીતે તેના પરિવારજનોને સોંપવામાં આવ્યો. આ વ્યક્તિ છેલ્લા આશરે ૧૫ દિવસથી ગુમ થયેલ હતી. ગુમ થનાર વ્યક્તિનું નામ ચારેલ ગુલાબસિંહ સડીયાભાઈ એમી હતું. તેમની ઉંમર 35 વર્ષ હતી. તેઓ ગામ રાબડાલ, દાહોદના રહેવાસી હતા. આ સમગ્ર ઘટનામાં મકનભાઈ ચારપોટ (કોલર), વીણાબેન નરસિંહભાઈ (WPC), ઋતિક ડોડીયાર (પાઇલટ), નિલેશભાઈ ચરપોટ (HG) દ્વારા પ્રશંસનીય અને માનવતાભર્યો અભિગમ અપનાવી ઉત્તમ ફરજ નિભાવવામાં આવી હતી. સ્થાનિક લોકોએ પણ 112 ઈમરજન્સી સેવાની ઝડપી, સંવેદનશીલ અને અસરકારક કામગીરીની પ્રશંસા કરી હતી. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે, આપત્તિ કે આપત્કાલીન પરિસ્થિતિમાં સમયસર મળતી 112 ઈમરજન્સી સેવા જીવન બચાવવામાં અને પરિવારને ફરી મળાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

પોલીસ દ્વારા પ્રોહીબિશન વિરુદ્ધ કડક કામગીરી આદરાઇ

## ગરબાડા ખાતે પ્રોહીબિશન હેઠળ મોટી કાર્યવાહી પોલીસે 9.86 લાખનો મુદ્દામાલ કબજે કર્યો



(પ્રતિનિધિ) ગરબાડા, તા.23

ગરબાડા નાયબ પોલીસ અધિક્ષક એમ. કે. સ્વામી દ્વારા પ્રોહીબિશન હેઠળ થતી હેરાફેરી અટકાવવા તેમજ ગેરકાયદેસર પ્રવૃતિને નેસ્તનાબુદ કરવા કડક સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તે અન્વયે ગરબાડા પોલીસ સ્ટેશનના પીઆઈ એસ. એમ. રાદડિયા, એ.એસ.આઈ શૈલેષ અમલિયાર તથા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન ગાંગરડા ગામ વિસ્તારમાં શંકાસ્પદ પિકઅપ ગાડીની તપાસ કરતાં ઈંગ્લિશ દારૂ અને ટીન બિયરની કુલ 3,600 બોટલો મળી આવી હતી, જેની અંદાજિત કિંમત રૂ. 6,84,000 ગણવામાં આવી છે. પોલીસે સ્થળ પર જ કાર્યવાહી કરી રૂ. 6,84,000 નો વિદેશી દારૂનો જથ્થો, રૂ. 3,00,000 ની કિંમતની પિકઅપ ફોર વ્હીલ ગાડી તથા રૂ. 2,000 નો એક મોબાઈલ ફોન મળી કુલ રૂ. 9,86,000 નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પિકઅપ ફોર વ્હીલર ગાડી નંબર GJ-15-AT-1768 ના ડ્રાઈવરનું નામ-ઠામ જાણી શકાયું નથી.

તેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ દ્વારા પ્રોહીબિશન વિરુદ્ધ કડક કામગીરી ચાલુ રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે.